# સાબરડેરીનો ચૂંટણી જંગ : શાંમળભાઈ પટેલ ફરી ચેરમેન પદે બિનહરીફ, વાઈસ ચેરમેન નવો ચહેરો બ્રિજેશ પટેલને તક



બાયડ, તા. ૧૬ સાબરડેરી-હિંમતનગરના ચેરમેન-વાઈસ ચેરમેન માટે તા. ૧૬ના રોજ અઢી વર્ષની મુદત માટે ચૂંટણી યોજાતાં ભાજપાની બહુમતીવાળા દૂધ સંઘમાં શાંમળભાઈ બી. પટેલ ચેરમેન તરીકે અને વાઈસ ચેરમેન બ્રિજેશ પટેલની બિન હરીફ વરણી થતાં જિલ્લાના પશુપાલકોમાં ખુશાલી જોવા મળી છે. જિલ્લો મુખ્યત્વે પશુપાલનના વ્યવસાય ઉપર નિર્ભર છે. કોરોનાના કપરા કાળમાં સાબરડેરી દ્વારા પશુપાલકોના હિતમાં અનેક નિર્ણયો લેવાતાં ચેરમેન શાંમળભાઈ પટેલ અને સમગ્ર નિયામક મંડળની કામગીરી વખણાઈ હતી. અઢી વર્ષની મુદત પુરી થતાં સાબરડેરીના નવા સુકાની કોણ તેને લઈને ધમસાણ મચ્યુ હતુ. સાબરડેરીમાં ૧૧ ડીરેક્ટર ભાજપા તરફી હોવાથી ભાજપા જેને પણ મેન્ડેડ આપે તે ચૂંટાઈ આવવાનું નિશ્ચિત હતુ. તા. ૧૬ના રોજ ચેરમેન-વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ ભાજપાએ ચેરમેન તરીકે શાંમળભાઈ પટેલ, વાઈસ ચેરમેન બ્રિજેશકુમાર પટેલને મેન્ડેડ આપી મેદાનમાં ઉતાર્યા પરંતુ અન્ય કોઈ ઉમેદવારી પત્ર રજૂ ન થતાં ચૂંટણી અધિકારીએ બન્નેને બિન હરીફ ચૂંટાયેલા જાહેર કર્યા હતા. નવનિયુક્ત ચેરમેન-વાઈસ ચેરમેનને ડીરેક્ટરોએ અભિનંદન આપ્યા હતા.

## શાંમળભાઈ પટેલના વિજયરથને અટકાવવાના પ્રયાસ નિષ્ફળ

સાબરડેરીના ચેરમેન શાંમળભાઈ પટેલ ફરી ચેરમેન ન બને તે માટે કેટલાક સહકારી આગેવાનોએ એડી ચોટીનું જોર લગાવ્યું. ગાંધીનગર કમલમ સુધી પહોંતી પોતાનું પોત પ્રકાશી આવ્યા પરંતુ ભાજપાનું હાઈ કમાન્ડ કેટલાક જિલ્લાના સહકારી આગેવાનોને નખશિખ ઓળખતું હતુ એટલે પીપુડી વાગી નહી... અને શાંમળભાઈ પટેલ ફરી એકવાર સાબરડેરીના ચેરમેન પદે ચૂંટાઈ આવતાં વધુ એક વિક્રમ સ્થાપ્યો છે.

## એડવોકેટ દિલીપસિંહ બિહોલા બન્યાં સંગીત વિશારદ

ગાંધીનગરના જાણીતા એડવોકેટ અને અમિતાભ બચ્ચનના ચાહક એવા ભાવડા ગામના મૂળ વતની દિલીપસિંહ અજીતસિંહ બિહોલાએ સાત વર્ષની સઘન તાલીમ સાથે મીરજની અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય ખાતેથી સંગીત વિશારદની પદવી પ્રાપ્ત કરી છે. તેમણે શહેરના જાણીતા પ્રજ્ઞાચક્ષુ સંગીત



ગુરૂ હરગોવિંદભાઈ મકવાણાની રાહબરી હેઠળ આ ગુરુ વિદ્યા પ્રાપ્ત કરી હતી. દિલીપસિંહ બિહોલા એડવોકેટ હોવા ઉપરાંત યુવાકાળથી વિવિધ વિવિધ મ્યુઝીકલ પાર્ટીઓ સાથે સંલગ્ન રહીને સિંગિંગ ક્ષેત્રે સ્ટેજ પર્ફોમન્સ આપતા રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે દિલીપસિંહ બિહોલાએ હિન્દી ફિલ્મ જગતના સૌથી લોકપ્રિય અને મિલેનિયમ સુપરસ્ટાર તરીકે જાણીતા અમિતાભ બચ્ચન પર પીએચડી કરવાનો નિર્ધાર કર્યો છે. સંગીત વિશારદની પદવી પ્રાપ્ત કરવા બદલ તેમને સાથી વકિલમિત્રો, શુભેચ્છકો અને સ્નેહીજનો તરફથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.





ગુજરાતના નવા મંત્રીમંડળની શપથવિધિ યોજાતા શહેરમાં રાજકીય ગતિવિધિ તેજ બની હતી. રાજભવન ખાતે યોજાયેલ શપથવિધિમાં હાજર રહેવા માટે મંત્રીઓ અને ધારાસભ્યો ગાંધીનગર આવી પહંચતા કાર્યકર્તાઓ અને સમર્થકોના ટોળા શહેરના માર્ગો પર જોવા મળ્યા હતા. ઢોલ નગારા સાથે સમર્થકો રસ્તા પર જોવા મળ્યા હતા.

### કોવિડ-૧૯ રસીકરણમાં ગુજરાત રાજ્યનું પર્ફોમન્સ સમગ્ર દેશમાં શ્રેષ્ઠ

# આજથી રાજ્યમાં કોવિડ-૧૯ રસીકરણની મેગા ડ્રાઈવનુ આયોજન

ગાંધીનગર, તા. ૧૬ કોવિડ-૧૯ રસીકરણમાં ગુજરાત રાજ્યનું પર્ફોમન્સ સમગ્ર દેશમાં શ્રેષ્ઠ રહ્યુ છે ત્યારે આવતી કાલ તા.૧૭મી સપ્ટેમ્બરના રોજ સમગ્ર રાજ્યમાં કોવિડ-૧૯ રસીકરણની મેગા ડ્રાઈવનુ આયોજન કરવામાં આવ્યુ હોવાની જાહેરાત કરતા આરોગ્ય અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે જણાવ્યુ કે આ મેગા ડ્રાઈવ માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ડ્રાઈવ દરમ્યાન ૭,૫૦૦ જેટલા ગામડાઓમાં ૧૦૦ ટકા રસીકરણ પૂર્ણ કરી દેવાનો લક્ષ્યાંક છે. આ મેગા ડ્રાઈવ દરમ્યાન ૩૫ લાખથી વધુ લાભાર્થીઓને આવરી લેવાનુ આયોજન છે. એટલુ જ નહિ, રાજ્યના શ્રમિક-કામદાર તથા ગરીબ પરિવારોને આરોગ્ય રક્ષણ પુરુ પાડવાના ઉદ્દેશ સાથે તેમના રહેણાંક વિસ્તાર પાસે આરોગ્ય સુવિધા ઉભી કરવા આવતી કાલથી જ નિષ્ણાંત તબીબી ટીમ સાથે દિનદયાલ ઔષધાલય ઉભા કરવામાં આવશે.

અગ્રવાલે કહ્યુ કે તા.૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ રાજ્યમાં કોવિડ-૧૯ રસીકરણની જે મેગા ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યુ છે તેને સફળ બનાવવા તમામ જિલ્લા કલેક્ટર અને મ્યુનિસીપલ કમિશ્નર સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી મેગા ડ્રાઈવ અંગે તૈયારીની સમીક્ષા કરી દેવામાં આવી છે. આ મેગા ડ્રાઈવમાં સમગ્ર રાજ્યમાં પ્રથમ ડોઝ માટે બાકી લાભાર્થી અને બીજા ડોઝ માટે ડ્યુ લાભાર્થીને રસીકરણ સેવા આપવામાં આવનાર છે.

રાજ્યમાં કોવિડ-૧૯ રસીકરણ અંતર્ગત થયેલી પ્રશંસનીય કામગીરીની વિગતો આપતા અગ્રવાલે ઉમેર્યુ કે સમગ્ર દેશમાં અને રાજ્યમાં તા. ૧૬મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ કોવિડ-૧૯ રસીકરણ કામગીરીની શરૂઆત કરવામાં આવી હતી. સમગ્ર દેશમાં ફ્રન્ટ લાઈન વર્કરોનું રસીકરણ શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. તા. ૧૫ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં કુલ ૫.૩૩ કરોડ રસીના ડોઝ આપી દેવામાં આવ્યા છે. રાજ્યમાં પ્રતિ દસ લાખ વસ્તીએ ૮,૩૪,૭૮૭ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. દેશમાં મોટા રાજ્યોમાં ગુજરાત અગ્રેસર સ્થાન ધરાવે છે. રાજ્યમાં કુલ ૫,૯૦૬ ગામડાઓ, ૧૦૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૧૪ શહેરી આરોગ્ય કેન્દ્ર તથા ૧૭ તાલુકાઓમાં તમામ ૧૮ વર્ષથી ઉપરના વ્યક્તિઓને રસીનો પ્રથમ ડોઝ આપી ૧૦૦ ટકા રસીકરણ કરવામાં આવ્યુ છે. રાજ્યમાં કોવિડ-૧૯ રસીના સ્ટોરેજ ૬ ઝોન કક્ષાના વેકસીન સ્ટોર, ૪૧ જિલ્લા કોર્પોરેશન કક્ષાના સ્ટોર તથા ૨૨૩૬ કોલ્ડ ચેઈન પોઈન્ટ હાલની પરિસ્થિતિએ ઉપલબ્ધ છે. કોવિડ રસીકરણ કાર્યક્રમ માટે રાજ્યમાં ૧૨,૦૦૦થી વધુ તાલીમબધ્ધ વેક્સીનેટર ઉપલબ્ધ હોવાનુ તેમણે ઉમેર્યુ હતુ.

### પ્રધાનમંત્રીનો આજે જન્મ દિવસ

# અરવલ્લી ભાજપા સંગઠન પ્રમુખ વતનમાં તાંબાના કળશનું વિતરણ કરશે

### ૨૦૦ બાળકો માટે પૌષ્ટિક ભોજન, ૭૧ વૃક્ષારોપણનું આયોજન

હિંમતનગર, તા. ૧૬ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજે ૭૧મા જન્મ દિવસ નિમિત્તે ગુજરાતમાં સેવા-




સમર્પણ કાર્યક્રમની ૭ ઓક્ટોબર-૨૦૨૧ સુધી ઉજવણી થવાની છે. ત્યારે અરવલ્લી જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. પટેલ તેમના વતન ધનસુરા તાલુકાના ભેંસાવાડા ગામમાં ૩૫૧ તાંબાના કળશનું વિતરણ, ૨૦૦ ભુલકાંને પૌષ્ટિક ભોજન તથા ૭૧ વૃક્ષારોપણના કાર્યક્રમ યોજાશે. જિલ્લામાં સેવા-સમર્પણ નિમિત્તે અનેકવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રના પ્રભાવશાળી નેતા દેશના વડાપ્રધાનનો આજે તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ જન્મ દિવસ હોવાથી ઉત્તર ગુજરાત તેમના વતનમાં જન્મદિનનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૭ ઓક્ટોબર-૨૦૦૧ થી સફર શરૂ કરી હાલ વડાપ્રધાન પદે બિરાજમાન નરેન્દ્ર મોદીના જન્મદિનને અરવલ્લી જિલ્લા ભાજપા સંગઠન દ્વારા ૨૦ દિવસ સુધી સળંગ વિવિધ કાર્યક્રમનું આયોજન કરાયુ છે. જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ, મહામંત્રી હસમુખ પટેલ, ભીખાજી ડામોરના માર્ગદર્શન હેઠળ તમામ ૮ મંડલમાં દરરોજ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ દ્વારા તેમના ગામમાં ઘેર ઘેર વડાપ્રધાનના જન્મદિનને યાદગાર બનાવવા તાંબાના કળશ આપવામાં આવશે. દેશને વિશ્વમાં શક્તિમાન બનાવનાર નરેન્દ્ર મોદીના દિર્ઘાયુષ્ય, દેશ વિશ્વમાંથી કોરોના મહામારીના મૂડીયા ઉખડી જાય, વિશ્વમાં શાંતિ સ્થપાય તેવી પ્રાર્થનાઓ પણ કરાશે. અગાઉથી આયોજીત કાર્યક્રમ પ્રમાણે જિલ્લાના રામજી મંદિરોમાં ઘંટારવ અને સમી સાંજે મહા આરતીના કાર્યક્રમોનું આયોજન થયુ છે. કોરોના વેક્સીનેશનને પણ સેવા-સમર્પણના મહત્વના કાર્યક્રમમાં સ્થાન અપાયું છે.



**૧૫૦૦૦ પોસ્ટકાર્ડ લખાશે**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૧મા જન્મ દિવસની આજે સમગ્ર દેશમાં ઉજવણી થવાની છે. અરવલ્લી જિલ્લામાંથી ૧૫૦૦૦ થી વધુ પોસ્ટકાર્ડ દેશના વડાપ્રધાનને મોકલવામાં આવશે. જિલ્લાના તમામ ૮ મંડલમાંના ૧૦૮૦ બુથ ઉપર સેવા-સમર્પણ કાર્યક્રમનો આજે જન્મ દિવસ સાથે શુભારંભ થશે જેની તા. ૭ ઓક્ટોબરના રોજ પૂર્ણાહૂતિ થશે.

### નસીબ ખુલ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધારાસભ્ય પદેથી રાજીનામુ આપીને ભાજપનો છેડો પકડ્યો હતો અને ત્યાર બાદ યોજાયેલી પેટા ચૂંટણીમાં કિરીટ રાણા ધારાસભ્ય બન્યા હતા. ૧૯૯૮થી ૨૦૦૨ દરમિયાન તેઓ ગુજરાતમાં મંત્રી રહી ચુક્યા છે.

કોંગ્રેસ છોડીને ભાજપમાં આવેલા બ્રિજેશ મેરજાને ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવ્યું છે. તેઓ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં મોરબી બેઠક પર કોંગ્રેસની ટિકિટ વડે ભાજપના ઉમેદવાર કાંતિલાલને માત આપીને વિધાનસભા પહોંચ્યા હતા.

જોકે ગત વર્ષે કોંગ્રેસ અને ધારાસભ્ય પદેથી રાજીનામુ આપીને ભાજપમાં સામેલ થઈ ગયા હતા તથા પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે જીત નોંધાવી હતી.

રાજકોટ ઈસ્ટ વિધાનસભા બેઠકથી પહેલી વખત ધારાસભ્ય બનનારા અરવિંદ રૈયાણીને પણ કેબિનેટમાં સ્થાન આપવામાં આવ્યું છે. તેમનો જન્મ ૪ જાન્યુઆરી, ૧૯૭૬ના રોજ થયો હતો. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં રૈયાણીએ પહેલી વખત રાજકોટ ઈસ્ટ બેઠક પરથી કોંગ્રેસી ઉમેદવાર મિતુલ દોંગાને ૨૩ હજાર મતોથી માત આપી હતી.

ગુજરાતની ગણદેવી વિધાનસભા બેઠક પરથી પહેલી વખત ધારાસભ્ય બનેલા નરેશભાઈ પટેલને ભૂપેન્દ્ર પટેલની કેબિનેટમાં સ્થાન મળ્યું છે. તેઓ પાટીદાર સમાજના લેઉવા પટેલ છે. પટેલ અનામત આંદોલન દરમિયાન ડેમેજ કંટ્રોલ માટે ભાજપે તેમને આગળ કર્યા હતા અને ૨૦૧૭ની ચૂંટણીમાં સવા લાખ મત મેળવીને ધારાસભ્ય બન્યા હતા.

### વણકથી વાતો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૭ મંત્રીઓ પાસે રૂ. ૧ કરોડથી ઓછી સંપત્તિ છે. જેમાં બ્રિજેશ મેરજા, કીર્તિસિંહ વાઘેલા, પ્રદીપભાઈ પરમાર, અર્જુનસિંહ ચૌહાણ, નિમિષા સુથાર અને મનિષાબેન વકીલનો સમાવેશ થાય છે. સૌથી ઓછી સંપત્તિ અર્જુનસિંહ ચૌહાણ પાસે રૂ. ૧૨.૫૭ લાખની સંપત્તિ છે.

કેબિનેટનું જ્ઞાતિ સમીકરણ જોઈએ તો ૭ પાટીદાર, ૭ ઓ.બી.સી., ૫ આદિવાસી, ૨ ક્ષત્રિય, ૨ બ્રાહ્મણ, ૧ દલિત, ૧ જૈન સામેલ છે.

રાજ્યના મંત્રીમંડળમાં ૧૦ કેબિનેટ મંત્રીમાંથી ૪ એલ.એલ.બી., ૩ ધો. ૧૦ પાસ, ૨ કોમર્સ ગ્રેજ્યુએટ અને ૧ ડિપ્લોમા સિવિલ ઈજનેર છે. રાજ્યકક્ષાના મંત્રી ડૉ. કુબેર ડિંડોર પી.એચ.ડી. થયેલા છે. રાજ્યમંત્રી હર્ષ સંઘવી ધો. ૮ પાસ, અરવિંદ રૈયાણી ૮ પાસ, કીર્તિસિંહ વાઘેલા ધો. ૧૨ પાસ, મુકેશ પટેલ ધો. ૧૨ પાસ, જિતુભાઈ ચૌધરી ધો. ૮ પાસ, દેવાભાઈ માલમ ધો. ૪ પાસ, વિનોદ મોરડિયા ધો. ૧૦ પાસ થયેલા છે.

મંત્રીમંડળમાં સૌથી નાની વયના રાજ્યમંત્રી હર્ષ સંઘવી છે. આ પછી નિમિષાબેન સુથાર છે.

### કરૂણ મોત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગે ડભોડા પોલીસ મથકે ફરિયાદ નોધાતા પોલીસ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જયારે અન્ય એક બનાવમાં ચાંદખેડા સ્વાગત બંગ્લોઝમાં રહેતા પ્રવિણભાઈ શર્મા તેમજ તેમના મિત્ર રાકેશ લક્ષ્મણભાઈ રાજપુત ગાંધીનગર ટાયર ખરીદવા માટે એકટીવા લઈને નિકળ્યા હતા આ દરમિયાન ભાઈજીપુરા પાટીયા પાસે એક્ટીવાનુ ટાયર ફાટતા તેમણે એકટીવા પરનો કાબુ ગુમાવ્યો હતો. બન્ને મિત્રો માર્ગ પર પટકાયા હતા. જેના લીધે બન્ને ઈજા થઈ હતી ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જયારે વધુ સારવાર માટે આ બન્ને ઈજાગ્રસ્તોને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયારે ગંભીર રીતે ઘવાયેલા પ્રવિણભાઈનુ સારવાર દરમિયાન મોત નિપજયુ હતુ. તેમના મિત્ર રાકેશભાઈ હાલ સારવાર હેઠળ છે. ઈન્ફોસીટી પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


